


ચાર ખ્યાલની ચોપડી

જેમાં

દેહલી મીલ હડતાલનો સુબોધીક ખ્યાલ

— પણ સમાયલો છે

રચનાર તથા પ્રગટ કરનાર —

કૈખશરૂ બરજોરજી જામીના:—

"જાકેબ"

કીંમત બે આના.

જાએ-"જાકેબ"

ખ્યાલની ચોપડી

જેમાં ચાર રસિક અને સુબોધીક ખ્યાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રચનાર તથા પ્રગટ કરનાર

કેખશરૂ બરજોરજી જામીનાઃ-"જાકેબ"

૧૯૨૯


કીંમત બે આના

આ ચોપડી તેનાં પ્રગટ કર્તા માટે
ચુનીલાલ અમીચંદ ઝવેરી એ શ્રી નટવર પ્રીન્ટીંગ
પ્રેસમાં છાપી છે.
ઠેકાણું.—સંઘવી સદન સેન્ડહર્સ્ટ રોડ મુંબઈ.

કુટુંબીઓ માટે ખાસ ચેતવણી

ભપકા ભરયાં નામ હેઠલ ઉતરતી કવૉલીટીનાં મોઘાંદાટ સીવવાનાં મશીન ખરીદી ઠગાસો નહિ.

દરેક મેકરનાં સીવવાનાં મશીનોની સોય–શટલ તેમજ કોઇ પણ રપેર પાર્ટસો



અમો બીજી કંપનીઓ કરતાં ઘણુંજ કિફાયત દામે આપીએ છીએ.

એડલર નૉમન––અને બીજાં જરમન

મેકરનાં સીવવાના સાંચાઓ વરસો સુધી ઘસાય નહિ એવા જબરખમ પાર્ટસના હોવા છતાં ચાલવામા ઘણુંજ હલકા અને સાથે વલી કીંમતમાં સસ્તા પણ છે

જરૂર જોઇ જશો.

એસ. પાંડુરંગની કંપની.

સોલ એજંટઃ—એડલર સે.ઇંગ મશીનસ.
પ્રાથના સમાજની સામે
ગીરગામ મુંબઇ, ૪.

બનામે ખુદા

દીબાચો.

પ્રિય વાંચકો, સાહિત્ય સાગરમાં સહેલ કરતી મારી કમીની નાવ છેલ્લાં છ વરસ સુધી જુદાં જુદાં અઠવાડીક અને માસીકોનાં કાબેલ તેમજ અનુભવી સુકાનીઓને હાથ તાલીમ લઈ કેળવાયાં પછી આજે સાહિત્ય સાગરમાં પુસ્તક રૂપે ઝીપલાવવાની કાંઇક હીંમત કરે છે. જો કે આવી નાની નાની પરચુટણ બાબદોનાં ચોપાન્યાં છપાવી ત્રેવીસ વરસની કાચી વએ બીજાઓ માફક ઘણાક પુસ્તકોનાં કર્તા (!) માં ખપવાનુ મને પસંદ નથી, પણ મારા મીત્રો અને વખાંણનારાંઓના ખાસ આગ્રહ આગલ હું નાચાર છું.

આ નાની ચોપડીમાં મે જગઝત્રીસીએ ચહડેલ્લી છેલ્લી મુંબાઇની મીલ આફતને લગતો નવો કીસ્સો આપવા ઉપરાંત આગલ જુદાં જુદાં માસીકોમાં પ્રગટ થઇ ગયેલા મારા બીજા ત્રણ ખ્યાલોનો પણ સમાવેશ કરયો છે, કે જેથી વાંચકો તે પુસ્તક રૂપે સાચવી શકે.

હું આશા રાખુ છ કે જે ઉલટ અને ઉમંગથી વાંચક પ્રજા અઠવાડીક અને માસીકોમાં પ્રગટ થતાં મારાં લખાંણો વાંચતી આવી છે, તેવુંજ ઉત્તેજણ મારાં આય નાનકડાં પુસ્તકને પણ તેઓ તરફથી મળશે.

આ દીબાચો જો હું મારા ભલા અને કદરવંત ભાઇ મી૦ જીજીભાઈ બેરામજી પચ્ચતાકીયા (કે જેમણે આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યું છે) તેમનો આભાર માંનયા વગર પુરો કરું

તો ખચીતજ હું નગુણો કહેવાઉં. ટુંકમાં લખું તો એજ કે જો એ બાઇનું ચાલુ ઉ-તેજણ અને ધરખમ ટેકો મને મળતે નહિ તો આજે આ પુસ્તક કે તેનો દીબાચો લખાવા પામતે નહિ.

સેવટે હું તે પાક પરવરદેગાર પાસે એજ દુવા ગુજારૂ છે કે, ખુદા મારા એ મદદગાર મીત્રને તેમજ કદરવંત વાંચકોને લાંબા આયુષ્ય બક્ષી તેઓને તન–મન–અને ધનનાં સુખથી સદા આબાદ રાખે. આમીન!

પીટીટ બ્લોક
બાલારામ સ્ટ્રીટ
ગ્રાંટરોડ
મુંબાઇ તા૦ ૫–૮–૨૯

લા૦ દુવાગો સેવક,
કેખશરૂ બરજોરજી જામીના.
"જાકેબ"

સાંકળ્યું.

* * * *

અર્પણ-પત્રીકા

મારા ભલા

અને

દીલસોઝ મીત્ર

મી. જીજીભાઈ બેરામજી પસતાકીયા

— કે જેવણનાં —

ઉત્તેજન અને આશરાથી મને

મોટો ટેકો મલ્યો છે

— તેવણને —

—હું—

આ મારૂં નાનકડું પુસ્તક

માન સહીત

અર્પણ

કરૂંછું.

સ્વદેશી ઉદયોગનું સત્યાનાશ.

રંગત મારી જાન

(૧)

તમે સમજો ખરીને ધ્યાંનુ સુણી સુનવાનો
(મારી જાન) કહે છે જે આ અદના દાસ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ—ટેક
એક સમો હતો એવો પણ જ્યારે
(મારી જાન) સુખી સંતોષી હતા મજુર
ખંતથી નોકરી કરવા માટે હતા તેઓ મગરૂર
વફાદારીથી બજાવતા ધણીની સેવા
(મારી જાન) બનીને ખરા નીમકહલાલ
દેશ દુશમનો દુર હોવાથી ન નડી કાંઈ જંજાલ

ચાલ

સુલેહ સંપથીજ તેઓ હંમેશા ચાલતા
વડાનો હુકમ સદા માનથી પાલતા
હડતાલ તે શું કદી નહિ જાણતા
(મારી જાન) હતા સુખી તે વખતેજ ખાસ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

*   *   *   *

શાહ અમાનુલ્લાએ ગોદરેજની સ્ટીલની કબાટ
અને સાબુ વખાંણ્યા છે.

(૨)

મીલો ચાલતી હતી ધમધોકાર બારે માસ
(મારી જાન) દીસતી સઘલે આબાદાની
મામલો જોઇ ખુશી થતા સઉ ગુણીને જ્ઞાની
દીસતા શેર હોલડરોનાં મુખડા બહુ ખુશ
(મારી જાન) હતા ભાવો ઘણા ધરખમ
જોઇ દેશને ખીલતો બંધાયો દુશમનો નો દમ
શ્વાસ

માલેકો એ મજુરને મોટાં બોનસ આપ્યાં
સુખ સબવડ કરીને દુખડાં સર્વે કાપ્યાં
વખાણ તેનાં સઉ પેપરે છાપ્યાં
(મારી જાન) કરો તે વખતનો અભ્યાસ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

(૩)

ખુબ ખપવા લાગું સ્વદેશી મીલનું કાપડ
(મારી જાન) જે જોઈ પરદેશીઓ મુંઝાય
ઉદયોગનાં નાશ માટે શોધવા લાગ્યા ઉપાય
હાલત મજુરોની સુધારવાનાં ઓઠાં હેથલ
(મારી જાન) આવ્યા બાહુતી એજંટ આ દેશ
કરાવે જેવો મજુરો વચ્ચે કજીઓ ને કલેશ

* * * *

કવી રવીંદ્રનાથ ટાગોર ગોદરેજનાં સાબુ વાપરે છે.

ચાલ

અજ્ઞાંન મજુરો કપટની જાલમાં ફસ્યા
સ્વદેશનો નાશ કરવા હીંમતથી ધસ્યા
અફસોસ ! શું મગજ તેવોનાં ખસ્યાં ?
(મારી જાન) પાયમાલ થયા ન રાખી કયાસ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

(૪)

અસંતોષી બનાવી મજુરોને હુલકાવ્યા
(મારી જાન) પીયે છે માલેકો તમ લોહી
પાડો તમે હડતાલ નથી ઇલાજ બીજો કોઇ
વાજબી હકો કીધા કબુલ માલેકોએ
(મારી જાન) આપ્યું ફરિયાદ પર ધ્યાણ
લીડરો હુઝત પકડી બેઠા ખોહી શુધ્ધ ને શ્યાણ

ચાલ

હમે કહીયે તેમ માલેકો તમો ચાલો
મોં માગ્યા પગાર મોટા આલો
હાલી મવાલી સઘલાને બસ પાલો
(મારી જાન) ફેલાવ્યો તેમને ચોમેર ત્રાસ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

* * * *

એક કરોડપતી ફ્રેંચ ઝવેરી યુરોપ જાય છે ત્યારે ગોદરેજનાં
સાબુ સાથે લઈ જાય છે.

(૫)

મહીનાઓ સુધી બંધ પડી મુંબઇની મીલો
(મારી જાન) વધયો પરદેશનો વેપાર
લાખો મજુરો હીંદ તણ્યું થઇ બેઠા બેકાર
ટવલે બાળકો જેમણ્યું ટુકડા રોટીને માટે
(મારી જાન) ન આપે અન્ન ખાવાને કોઇ
ખોટી રીતોથી દીધી પ્રજાની દીલસોઝી બી ખોહી

ચાલ

બરબાદી કરોડો રૂપીયાઓની થઇ
આખી મેલવતાં અરધીબી ચાલી ગઈ
બાડુતી લીડરો થયા ખુશી તે જોઇ
(મારી જાન) ફળી તેઓની બુરી આશ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

(૬)

પોણ્યુ ભાગ ઉપર છે મજુરો સમજુ
(મારી જાન) રાજી મીલોમાં જવાને આજ
શું કરે બીચારા—આલે જ્યાં લાલ–વાવટાનું રાજ
પોકળ લીડરોનું લીધુંછ તેવો એ જોઇ
(મારી જાન) ગણ્યુંછ તેમને દેશ દુશમન
ધન્ય, ધન્ય! ઓ વફાદાર મજુર તું જને ધન

* * * *

ચાલ

હડતાલ છતાં પણ ધરી હૃદયે હીંમત
કામે ગયો તું તજીને ખોટી મંમત
કરશે માલેકો જરૂર તુંજની કીંમત
(મારી જાન) કીધીછ હડતાલને તેં લાશ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

(૭)

નેતાઓ કરે છે પરદેશી કાપડની હોળી
(મારી જાન) આપવા સ્વદેશી ને ઉત્તેજણ
મજુર-માલેકો વચ્ચે પાડેછ લીડરો પજરણ
મીલો પડી છે બંધ મહીનાંઓ થયાં
(મારી જાન) ગયા છે ઑાડર બધા પરદેશ
ખરેજ ફુટયું નસીબ તુંજનુ ઓ મુંજનાં હીંદ-દેશ

ચાલ

હવે પીરસુ છું અહીંયા થોડું કડવું
સમજી ને છોડો બીન ફોકટનુ લડવું
નજીવી વાતે કાં કોંમી કંકાશમાં પડવું
(મારી જાન) થશો અંતે તમો નાશીપાશ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

* * * *

ચીસીસ એની બેઝંટ લખે છે કે મને સઉમાં સારા
ગોહરેજનાં સાઝુ માલમ પડયા છે.

(૮)

ભાડુતી લીડરો ભડકાવે છે તમને
(મારી જાન)નાં રાખો તેઓ પર વીશ્વાસ
ખાઈપીને કરવા બેઠા છે મીલ ઉદયોગનો નાશ
રહેબર છે ખરા જેવો તેઓનુ સમજો
(મારી જાન) નાં રાખો દીલમાં ગુમાન
નીમક ધણીનુ ખાઇને કાં બનો છો બે ઈમાન ?

ચાલ

જોઇ હાવ મજુર-લીડરોનો આવો
સુલેહના બી એકવાર ફરીથી વાવો
ભલા આજેજ તમે કામે લાગી જાવો
(મારી જાન) છે "જાકોબ"ની એજ આશ
મજુર લીડરો વાલે છે આજે દેશનું સત્યાનાશ.

ખ્યાલે-ખુંન ખુંન !

જરફી લંગડી

(૧)

સર્વે બસ્તેકુસ્તીયાનો – દીને માઝદીયસ્નાનો
બાળક ઝર્થસ્ત્રીને જવાનો—સુનો ઉમંગ ધરી
આજ સુનાવું-ભીખાજી બરકની વાતો મુરખાઇ ભરી-ટેક
મુંબઈમાં રૂનો વેપાર—ચાલતો હતો ધમધોકાર
લાગે મોટરની અલગાર—સુધી સવારથી સાંજ
પેટને ખાતર-હજારો ઈનસાનો કરવાં ત્યાં કામકાજ
હતી ઓફીસ ત્યાં અનેક—જેમાં અમારી પણ એક
મેનેજર હતા જેનાં નેક—રાખતા પારસી જવાન
કદર બુઝતા-સ્ટાફની હંમેશા એવા હતા ગુનવાન

શેર

ભીખો બરક નામનો જવાન—હતી પારસી જેની જાતજી
કંજુસ તે હતો ઘણો—ભાંગ્યા ઠબ્બામાં ખાતો ભાતજી
વાંધા હતા બુધવાર તણાં—પણ કરતો મોટી બહુ વાતજી
ગધેડાંની માફક સર્વેને—મારતો હંમેશાં તે લાતજી

* * * *

વધારે ફાયદા માટે બહારનું કવર પેજ જરૂર વાંચજો.

એવો હતો વેસ્મેગરેટ—આગતો બહાર કહાડી પેટ
હસ્તો આવે હોય મેટ—તેમ ઘરી ઘરી
આજ સુનાવું-ભીખાજી બરકની વાતો મુરખાઇ ભરી.

(૨)

ઓગણીસો ઓગણત્રીસનુ સાલ—દશમી જુનનો હાલ
બુધવારનો હેવાલ—સુનો બીરાદરો
દાબડાનો અંત-આયો તે દિવસે બહુ બુરો
સોણ્યુંનો બોલ હતો એક—ભાંગો ટુટો એડોલ છેક
જેની ખોપરીઓ અનેક—ગઇ હતી ખરી
તે જોઇને- બેજી ચુશદાનુ બેજુ ગયું એકદમ ફરી
લાવી ઝનુંન બોલ્યો એમ—ભીખા કંજુસાઇ કરેછ કેમ
નહિ તો ભાંગી નાંખશ એમ—તારો દાબડો આજે
ભીખારી જેવો-દઅબો જોતાંજ પારસીનું નામ લાજે

શેર

એટલુંજ કહેતાં વારમાં—ધરયો દબ્બો હાથમાં અરે
જોર કરીને દાબતાંજ—ખોપરી બધી ભોંય પર પરે
ચુશદો તો ખુંન તેનું કરી—હાથ મુંછ પર ધરે
જોઇ મોત કરપીણ તે તણું—ભીખાનો જીવ કરકરે
બનાવ બન્યો કેવો આય—જોતાં જોવાયો ન જાય
દીલ લાગણી દુખાય—વાગે ગમની છરી
આજ સુનાવું-ભીખાજી બરકની વાતો મુરખાઈ ભરી.

* * * *

(૩)

જોઈ ચુશહાનો આ કહેર—ધ્રુજી રહ્યું સારૂં ઘેર
નહિ લાયો જરા મહેર—ધરયું વેર ઝબુંન
ઘોળે દહાડે—કીધું ઓફીસમાં એક હાબડાનું ખુંન
ફટકો બરકને પડયો ભારી—દીલમાં લાગો જખમ કારી
કરવા લાગો મારામારી—મન કપટ ધરી
વેર એનું-લેવશ હું એક દીન દીકરા કાંઈબી કરી
'મામલે: જોઈ ચુશદો ગભરાયો—પઈસા આપવા તૈયાર થાયો
ભીખો ધર્યો નહિ ધરાયો—લોણું આવતું બંધ કીધું
ભુખમરો વેઠી—હાબડાનાં ખુંની પર વેર ઝબુંન લીધું

શેર

જગથી મરી તું તો છુટો—કંબુસની ખબર તુંને શું પડે
ભીખાજી બરકનાં શોકમાં—ઓફીસનો આખો સ્ટાફ રડે
તારી જુદાઇમાં ભીખો—પોરો પાઉંના ટુકડા કરડે
જોઇ હાલ કરણાંરસ અતી—આકાશથી તારા પડે
હબ્બાનાં ખુંન તણું બ્યાંન—સુનો સ્ત્રોતા ધરી ધ્યાંન
જોડે "જાકુબ" ગુણવાંન—ખ્યાલ સર્વોપરી
આજ સુનાવું-ભીખાજી બરકની વાતો મુરખાઈ ભરી.

* * * *

કારખાનું ગેસ કંપની પાસે લાલબાગ ઉપર છે.

પચરંગી કોમોમાં પંકાયલું જાણીતું

અઠવાડીક પત્ર

સત્ય—મીત્ર

જેમાં દર રવીવારે દેશ—પરદેશની નવી નવી ખબરો સાથે નીચલી ખાસ બાબદો આવે છે

સાતવાડયાનાં સપાટા—બાખાંનો બારો ને બામાંનો ભુકો
હુંબગાબાદ ઉરફે ચરાઠેલ જગત—વહોરા ચર્ચા—મુખ-
બીરે—ઈસ્લામ—જ્યોતિષ શાસ્ત્ર—અને ખુદાઈ ખ્યાલો
તથા નેક નશીયતો ઉપરાંત

એક ધરખમ ચાલુ વાર્તા—એક ટુંકી વાર્તા—અને
રમુજી ફકરા તથા સ્કેચો.

વેપારીઓને જાહેરખબર આપવા માટે આ પત્ર
એક અતી ઉત્તમ સાધન છે.

છુટક નકલ એક આનો—વાર્ષિક લવાજમ રૂ. ૫

વધુ વીગત માટે લખો યા મળો	મેનેજર:— સત્ય—મીત્ર પ્રેસ ૭૪, હોમજી સ્ટ્રીટ એલફીસ્ટન સરકલ, કોટ. મુંબઇ.

જરથોસ્તી મહઝબ પર કુરબાન.

ધાર્મીક ગઝલ - તર્જે કવ્વાલી.

(રાહ—મેરે મઉલા બુલાલો મદીને મુઝે)

શયાણું જરથોસ્તીઓ જરા ધ્યાણ ધરો,
પાક મહઝમ પર જાન કુરબાન કરો. } —ટેક

૧-બુલંદ ધર્મ છે આપણો—લાવ્યા જે ઝરથોસ્ત પેગમબર
એકજ ખુદાને માનનારો—ઉત્તમ સર્વેમાં ખરેખર
ખોરદેહ-અવસ્તા લઈ તમે બંદગી કરો (૨) શયાણું.

૨—આરાધવા કહે આતશને—ખુશબો ચહડાવી સુખડની
સુધરેલાઓ બીડી ફુંકી—રાહ લીયે છે દોજખ તણી
પુત્ર દાદરનાં ને ન અપવિત્ર કરો (૨) શયાણું.

૩—સુધારાની ધુંદમાં તમો—બેઠા છો ભુલી ધર્મને
તજતાં ધર્મ દુખો પડે—ફોકટ છે રડવું કર્મને
જુના ધાર્મિક રીવાજો ના દુર કરો (૨) શયાણું.

૪—ક્રીયા તજી જશન ફરેસ્તાની—ભુલી ધર્મનાં ફરમાનને
માતા દેવી પીરો પુંજે—ચહડાવે તેલ હરમાનને
વહેમી માનતાઓનો તમે નાશ કરો (૨) શયાણું.

*   *   *   *

ઘણું પ-દેશી સાબુઓ મુવેલાં જાનવરની ચરબીનાં બને છે.

૫—પ્રોફ્સરો (?) કાંઈક પર જાતનાં—ફાવી ગયા છે આજ લગી
માંદરીયાં તાવીઝ જંતરોથી—જાય છે તમને આવ ઠગી
ઢોંગી ધુતારાઓનો ન વીશ્વાસ કરો (૨) શચાણું.

૬—રક્ષતાં જો હોય દુખો તાવીઝે—જગમાં કદી ન કોઇ મરે
દોલત જો મલતી હોય માંદરીયે—તો કાંય એવોજ ભુખે મરે
સાદી અક્કલથી તો જરા ખ્યાલ કરો (૨) શચાણું.

૭—મહરાસી પોરચો ફોશનાં મુરતી—દાવો કરેછ પેગમબરનો
ન પુગચે ઝરથોસ્તની ઝુટ્ટીએ—જાણુજો થીયોસોફીસ્ટો તમો
ખોટા વાહીયાત ફતવાઓનો નાશ કરો (૨) શચાણું.

૮—નવસારીના દસ્તુર કેકોબાદને—હાલ સુઝી છે બહુ મસ્તી
ધર્મગુરૂ બની ભાંગ ભુદી–આપે છે ભાષણ અજરથોસ્તી
એવા અધર્મી વીરૂધ પોકાર કરો (૨) શચાણું.

૯—જાણુજો સર્વે હમદીનો તમે—ધર્મનીજ આખર જય છે.
વીશ્વાસ ખુદામાં રાખનારો—સર્વ વાતે નીરભય છે.
બસ તેણે ને તેણેજ યાદ કરો (૨) શચાણું.

૧૦—રખાંણુયોછ વીદાનો એ ધણો—આપણો જરથોસ્તી ધરમ
મરતાં સુધી જાલવજો તેને—જાણી સર્વ બારીક ભરમ
ફાર્યો ધર્મ ભ્રષ્ટનાં તમે બંધ કરો (૨) શચાણું.

* * * *

ગોદરેજની સ્ટીલની કબાટ જીવ જંતુથી નીરાલી છે.

૧૧—લાખો દુખો સહ્યાં વડવાઓએ—ધર્મ કાજ છોડયું વતન
તેવોનેજ પગલે ચાલીને—જાળવજો આતશની જતન
આતશ પાકની તો આરાધણાં કરો (૨) શયાણાં.

૧૨—શાયર ફીરદોશી તુસી કહે—ઉત્તમ છે બંદગીનું ફળ
પાંચે ગેહ બંદગી કરી—ફેરો કરો જગમાં સફળ
કહે "જાકુબ" હરદમ રબની ભક્તિ કરો (૨)
શયાણાં જરથોસ્તીઓ.

જાડાપર જુલમાત !

બહર - લંગડી.

(૧)

શું ધારો ને શું થાય—ધારશું મનનું વ્યર્થ જાય
એ છે કુદરતનો ન્યાય—નહિ ફેર જરી
જાડાને માથે-આફતનાં ચઢયાં વાદળ બહુ જોર કરી-ટેક.
ઉતપતી આફતની ભારી—ગાવું છું આજે હુ વીસતારી
સમજો રાખી યકીનદારી—સર્વે માઝદીયશનાંન
મુંબઇની અંદર-હતા એક ઓફીસમાં પારસી જવાન
કલબ ઓફીસને સમજતા—મસ્તી તોફાન બહુ કરતા
નોકરી માટે નહિ ડરતા—મારતા છત્રીઓનો માર
પારસીનો ડંકો-રાખતા એ રીતે તે મુરખ ગમાર

શેર.

ફેંટાવાળા ગધેડાજીઓ—છતી આંખે અંધા થાય છે
નાહાનો ને ઉશકેરી જુવો—પાછલ કેવા પસ્તાય છે.
મસ્તી તોફાંન ઓફીસમાં કરી—મેનેજરનાં ખાસડાં ખાય છે
તેઓનાં આવાં કામથી—કોમની કીર્તી ડુબી જાય છે.
સુપરવાઇઝર હતો એક—રાખવા પોતાનો ટેક
કમપ્લેન લઇ ગયો દરેક—મન કપટ ધરી
જાડાને માથે-આફતનાં ચઢયાં વાદળ બહુ જોર કરી.

* * * *

સર્વોતમ સાબુ માટે બહારનું કવર પેજ જુવો.

(૨)

આખો સ્ટાફ બોલવવા ખાસ—કીધી મેનેજરે ફરમાશ
નહિ હતી કોઇને આશ—આવશે આવું પરીણાંમ
ઘડીની વચમાં—ફરીયાદ જશે મેનેજર આગલ આમ
સર્વે બહાદુરોનાં પુરા—થરથર લાગા ધ્રુજવા ગુરા
એવા હતા કેઠા સુરા—વીના હીંમતવાન
જઇને ઉભા—શેઠ આગલ ભુલી શુધને શ્યાંણુ
ગુસ્સે થયા મેનેજર—બોલ્યા રાખો જરા ડર
બુઝુર્ગું આટલી કદર—નથી શરમ કે લાજ
પાના રમવા—આવ્યા છો તમે શું ઓફીસમાં આજ

શેર

ઠપકો સર્વને મલી રહ્યો—દીવસ હતો બુધવારનો
અમળ હતો વમળ તણો—મધ્યાંન સાડાબારનો
બદબખ્ત તે દહાડો હતો—ગોયા છરીનો ધારનો
જાડાને તો "બ્લેક બોલ" કહ્યો—ન પાર રહયો ધીક્કારનો
હતો જાડો નીરદોષ—સમજતાંજ થયો બેહોશ
કરવા લાગો બહુ અફસોસ—ગયો જીવતો મરી
જાડાને માથે—આફતનાં ચઢયાં વાદળ બહુ જોર કરી.

૩

જેલાબ આપ્યો બહુ સખત—રજા આપશ બીજી વખત
સમજેછ કે એ કમબખત—થવું પડશે બેકાર
નોકરી ને માટે—ભટકવું પડશે અહી ત્યાં નીરાધાર

* * * *

એટલું કહીં જવા દીધા—પારસી જવાન બહુ બીધા
ચાલ્યા થોડા દીન સીધા—ધન્ય બહેદીન અથોરનાંન
એક દીલ થઇને–પાલ્યું જરથોસ્તી મહઝબનું ફરમાન
કરવા પારટી તઈયાર—કીધો સર્વે એ વીચાર
મઝાહ પડશે ખુબ યાર—કેઠે ઉતરી પરીયે
આખો દહાડો-ભાટયું ખાઇને રંગરાગ કરીયે

શેર

તન મન ધનથી હામથી—હઇયે ઉલટ લાવો તમે
પઇસા થોડા કવરા કરી—કાંઢીવલી આવો તમે
બધું કંટ્રાકટ જાડાને આપી—છેલ્લે તેને ફસાવો તમે
એ બુરાં કામનો બદલો—ચઝદાંનથી પાવો તમે
મહેનત સર્વે ઉઠાવી લીધી—જાડાએ મેનીજ ખુબ કીધી
ચાલ ચાલ્યો બહુ સીધી—મલ્યો બદલો ન જરી
જાડાને માથે–આફતનાં ચઢયાં વાદળ બહુ જોર કરી.

(૪)

આવ્યા ઇસ્ટરનાં તહેવાર—પાછા સઉ થયા તઈયાર
જવા માંગ્યું દીવસ ચાર—કોઇ હોટલ દરમ્યાંન
મઝાહ ઉડાવા–કબુલ થયા બધા મકોરી પહેલવાન
વાંચતા હોટલનું હેંડબીલ—જવા લલચાયું દીલ
પુછી લેઇ સર્વેની વીલ—થયા દરેક કબુલ દરેક
પ્રેમને આધીન–થઇ ખુશી થયાં નાના મોટાં છેક

* * * *

ટુંક વખતમાં સઉથી બહોળો ફેલાવો

પામેલું હીંદુસ્થાનનું માનીતું

—રમુંજી માસીક—

બીજાં માસીકો		વરસે રૂ. ૨
કરતાં ચારગણું	**ફેવરીટ**	છુટક
ઓછું લવાંજમ		નકલ બે આના

ત્રીસ વરસનાં અનુભવી અધીપતી મી૦ રતન શાહ ફરામજી અચારીયાની કાબેલ કલમથી લખાયલી મોટી ચાલુ વાર્તા "ઝેરીનાગણ" જ્ઞાન સાથે ગંમત આપે છે.

ઉપરાંત બીજી ચાર નાની વાર્તો અને પચરંગી લખાણોનો સવાસો પાનાંનો જંગી પોઠો.

ફેલાવો રેકોર્ડ હોવાથી જા. ખ. આપવાનાં ફાયદા ન્યારા છે.

લખોઃ—મેનેજર ફેવરીટ

૭૬—૭૮ અચારીયા હાઉસ

પહેલી મરીન લાઈન્સ મુંબાઈ, ૨.

સમજી જાડો લાલચોલ—બની બોલ્યો એવા બોલ
કાગજ લખવા આપ્યો કોલ—ખુશી થઈ અતી
ગતી થશે શું-કીધો નહિ ખ્યાલ તેનો કાંઇ એક રતી

શેર.

પહેલી એપ્રીલનાં દીનથી—હોટલ કયાંનીયન ઉઘડાવું છું
દુન્યાજરનાં હોટલોમાં—સર્વેમાં હું પંકાવુંછું
સારૂં ખાવાનું ઉપરાંત હું—તાડી પણ મુફત પાવુંછું
વીઝીટરોને બહુ ખુશ કરી—નરમીથી સઉમાં સમાવુંછું
ધન્ય એવો પરોપકારી—આપે છે જો મુફત તારી
તો તો ત્યાંજ છોડયે ગારી—મન ઉમંગ ધરી
જાડાને માથે-આફતનાં ચઢયાં વાદળ બહુ જોર કરી.

(૫)

જણાવી વીગત તમામ—કાગજ લખ્યું જાડાએ આમ
સફલ કરજો આ કામ—રાખી યકીનદારી
જુદી બંગલીની-સગવડ આપી કરજો મેનેજ સારી
તારીખ ચઉદમીની રાતે—મઝાહ કરવાને માટે
આવશું દશ એક જણા સાથે—ધરી હઇયે હામ
ચાંદની રાતે-આવીશું ચાલતાજ હમો તમારે મુકામ
બીજે દીવસેજ તુરત—રાંધજો વાણીઓ સરસ
છે દોસ્તનું વરસ—આપશું પુરતુ દામ
વલતે દહાડે-જવાબ કાગજનો આવી પુગો આમ

* * * *

હજારો ડાકટરો ગોદરેજના સાબુની ભલામણ કરે છે.

શેર

લખ્યાં મુંજબ સર્વે તમો—રાતની ગાડીમાં આવજો
વરસ છે જે હોસ્તનું—તેને પણ સાથે લાવજો
એવાં ભલાઈનાં કામોમાં—હંમેશાં તમો ફાવજો
હારમોન્યમ તબલા સહી છે—મઝાહ ખુબ ઉડાવજો
એવાં ધાર્મીક કામો—કરજો નર નારો તમામો
રહેશે જગમાં અમર નામો—રાખજો ખાતરી
જાડાને માથે-આફતના ચઢયાં વાદળ બહુ જોર કરી.

(૬)

હતી જવાની તઇયારી—જેમાં વચ્ચે આવી ન્યારી
એક ફ્રેંડની સવારી—ભંગ રંગમાં કીધો
એકા એકી-બ્હેને સીક પડી ભાઇને લટકાવી દીધો.
આવી ખબર વીજલી વેગ—નારગોલમાં ચાલે છે પ્લેગ
ખાલી કરો પાછા બેગ—બીજું શું કરીએ ?
જાડો કહે કે- દાદરેવાલાના હોટેલમાં હમણ ઉતરીએ
કયાંની યન પર લખ્યું આમ—ઓફીસમાં નીકલ્યુ છે કામ
નથી આવી શકતા ગામ—દરગુઝર કરજો
તક મલતાંજ-કોઈદીન આવશું જરૂર તે ધયાંણ ધરજો

શેર

આવી સ્વારી સર્વેની—હમણમાં મુંબાઈ વેરથી
લેવા જેને આવ્યા હતા—બહેરામશાહ રાતે ઘેરથી
મોટરમાં બેસતા દીલ ખુશ-થયું પવનની લહેરથી
સર્વે ચીજો સલામત હતી—તે દાદગરની મહેરથી

* * * *

વધુ વીગત માટે બહારનું કવર પેજ જરૂર વાંચજો.

ખાધું પીધું મજાહ કીધી — દારૂ તાડી પણ પીધી
મોજ બોટીંગની લીધી — ખુબ ફરી ફરી
જાડાને માથે — આફતનાં ચઢયાં વાદળ બહુ જોર કરી.

(૭)

પાછા ફરયા જયારે ઘર — કયાંનીયન નામવર
નોટીસ મોકલે જાડા પર — હે! જાડા જવાન
તારે ભરોસે–રખડી ગયું ઇસ્ટર પર મારૂં રૂવાંન
લખી માંગે નુકશાંની — વચ્ચે પડયો એરફાની
થતી બચાવી હાંણી — ખરો દોસ્ત નેક નામ
ઓફીસનાં ફેંટો – ફસાવી જાડાને ખસી ગયા સરયામ
જાડાએ આવેલો જોઇ લાગ — માંગયો નુકશાનીમાં ભાગ
ફરી બેઠા સર્વે કાગ — કહી કાટીલ એવા બોલ
હમે શું કરીયે? – કાગજ તો તેં લખ્યું હતું નારગોલ

શેર

મદદ આફ્ત વખતે કરે—ખરો દોસ્ત જગમાં તેજ છે
જાણો સખી નરનાર તમ—દોસ્તોનાં કામો એજ છે
નેકીનો નેક અંજામ છે—એ તો સમજવું સેજ છે
“જાકેબ” કહે સમજો શુંણી—બુરાનો બુરો ફેજ છે

ઉસ્તાદ “આદીલ–નઓશેરવાંન”—ચેલો “જાકેબ” ગુનવાન
જોડે આફ્ત તણું બ્યાંન — સમજો ધ્યાન ધરી
જાડાને માથે–આફ્તનાં ચઢયાં વાદળ બહુ જોર કરી

સમાપ્ત

ગોદરેજના નાહવાના સાબુ નીચલા નામાંકીત માણુસો વાપરે છે.

કવી રવીન્દ્રનાથ ટાગોર–ડા૦ એની બેઝંટ–સર અને લેડી દીનશાહ પીટીટ–સર અને લેડી પરસોતમદાસ ઠાકોરદાસ–સર ફીરોઝ શેઠના–સર કાવસજી જાંહગીર–સર ફાઝલભાઇ કરીમ ભાઇ અને એવાજ બીજા હજારો માણુસ ગોદરેજના સાબુ વાપરે છે.

ખાત્રી માટે આ સરટીફીકેટ વાંચો

ડૅા૦ એની બેઝંટ કહે છે કે મેં દુન્યાના ઘણાક દેશોમાં બનેલા સાબુ વાપરયા છે, પણ સઉમાં ચઢીયાતા મને ગોદરેજનાજ માલમ પડયા છે.

મી૦ જોસફ વોન પ્રાગ નામના મુંબાઇના એક શ્રીમંત ઝવેરી લખે છે કે મારી ચામડી બહુ નાજુક છે અને મેં યુરોપ અને અમેરીકાના ઘણા ઉત્તમ સાબુ વાપરયા છે પણ ગોદરેજના સાબુ જેટલો સંતોષ મને બીજા કોઇએ આપ્યો નથી. હું યુરોપ જાઉં છું ત્યારે ગોદરેજના સાબુ મારી સાથે ખાસ લઈ જાઉં છું

ગોદરેજના નાં૦ ૧ અને નાં૦ ૨ વાલા સાબુ ગમે એવા પરદેશી સાબુથી ચઢીયાતા હોય છે.

ચામડીની સુખાકારી માટે હજારો ડાકટરો ગોદરેજના સાબુનીજ ભલામણ કરે છે.